થી વધુ યુવક-યુવતીઓના બાયોડેટા જોવા મળશે!

**તમારા માટે પરફેક્ટ જીવનસાથી શોધવા માટે આજે જ એપ્લિકેશન ડાઉનલોડ કરી અને રજીસ્ટર કરો!**

એપ્લિકેશન ડાઉનલોડ કરવા માટે

**વધુ માહિતી માટે સંપર્ક કરો : +91 7016080177**

GET IT ON Google Play
Download Now

Download on the App Store
Coming Soon!

www.satvarasagpan.com

*T&C Apply

# ''હોસ્ટેલ ઈન ગાંધીનગર'' - શ્રી સતવારા બોર્ડિંગ ગાંધીનગર

**Website-www.satvara hostel.org.** ટ્રસ્ટ રજીસ્ટર્ડ નં. એ/૮૫૮/ગાંધીનગર તા. ૨૯/૬/૨૦૨૦

**80 (G) રજી નં. ITBA / EXM /S / 80(G)/2020-21/103140769 (1) dt.11-3-2021**

સતવારા સમાજના તમામ આદરણીય જ્ઞાતિજનોને અમારા વંદન જય સિદ્ધનાથ....

આપણે સૌ જાણીએ છીએ કે, આજના સમયમાં શિક્ષણનું અનેરૂ મહત્વ છે. **''જે સમાજ શિક્ષિત, તે સમાજ વિકસિત''** એ આજના સમયની હકીકત છે. મિત્રો જ્યારે સમાજમાં શિક્ષણનું બહુ મહત્વ ન હતું ત્યારે પણ સમાજના દુરંદેશી વડીલોએ સમાજને શિક્ષિત કરવામાં અને સમાજના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ ભોગ આપેલો હતો. શિક્ષણ માટે જાગૃતિનો અભાવ તેમજ માણસોની નબળી આર્થિક પરિસ્થિતિમાં પણ છાત્રાલયનું નિર્માણ કરેલું. બસ એ જ રાહ પર ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં અતિ આધુનિક છાત્રાલયના નિર્માણ માટે ૫.૨૫ વિઘા જગ્યા ગાંધીનગર ખાતે અમદાવાદ હાઈવેથી ખૂબ જ નજીક જમીન ખરીદ કરવામાં આવેલ છે. તેમ જ હંગામી ધોરણે બાંધકામ કરીને વિદ્યાર્થીઓને રહેવાની વ્યવસ્થા ઉભી કરવામાં આવેલી છે.

હાલમાં બોર્ડિંગ ચાલુ કરેલ ત્યારથી ૨૫ વિદ્યાર્થીઓ અહીંયા રહીને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરે છે. તેમજ આજુબાજુની કોલેજની ડિગ્રી/ ડિપ્લોમાનો અભ્યાસ કરે છે. **હાલમાં વિદ્યાર્થીઓ માટે એડમિશન વહેલા તે પહેલાના ધોરણે ચાલુ છે.** શ્રી સમસ્ત સતવારા સમાજ સમાજ શૈક્ષણિક અને ચેરિટેબલ ટ્રસ્ટ **ગાંધીનગર ટ્રસ્ટનું 80 (G) તેમજ 12AA પ્રમાણપત્ર આવી ગયેલ છે.** તો દાન આપનાર દાતાઓ ઈન્કમટેક્ષનો લાભ લઈ શકશે. તેથી નોકરી કરતા ભાઈઓ-બહેનો અને બિઝનેસમાં ઈન્કમટેક્ષ ભરતા બધા જ મિત્રોને સંસ્થામાં દાન આપીને ઈન્કમટેક્ષનો લાભ લેવા વિનંતી છે.

હાલના સમયમાં સરકારી નોકરી માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપવી ફરજિયાત છે. તેથી ગાંધીનગર ખાતે **IAS, IPS, Collector,** પ્રાંત અધિકારી , મામલતદાર, તલાટી વગેરે સરકારી હોદ્દા માટે અનેક સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટેનું એક બિલ્ડીંગનું બાંધકામ કરવાનું વિચારેલ છે. તેથી ગાંધીનગર ખાતે હોસ્ટેલ કે બોર્ડિંગનું અનેરૂ મહત્વ છે. અને સાંપ્રત સમયમાં જરૂરિયાત પણ છે. સતવારા સમાજ માટે ખૂબ જ ઉપયોગી અને મહાકાય પ્રોજકટને જુજ માણસો હાથ પર લેશે તો પહોંચી વળાય તેમ નથી. તેથી




આપણે સૌ સાથે મળીને તન-મન-ધનથી સહકાર આપીશું તો ગમે તેવા મોટા પ્રોજેકટને પણ આસાનીથી પાર પાડી શકીશું. સમાજના વિકાસની વાતો કરવાથી અને ઘરે બેસી રહીને ચિંતા કરવાથી સમાજનો વિકાસ થવાનો નથી માટે આપણા બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે બોર્ડિંગનું નિર્માણ થવું ખૂબ જ જરૂરી છે. માટે આશા રાખીએ છીએ કે, આ લેખ વાંચ્યા બાદ સમાજના દરેક વ્યક્તિ શિક્ષણ માટે જાગૃત થશે એવી અમને પૂરી શ્રદ્ધા છે. અને સમાજના આ શિક્ષણરૂપી ભવ્ય સરસ્વતી મંદિરના નિર્માણમાં સામે ચાલીને સહયોગ કરશો. આપણે બધાએ આ સમાજને આગળ લાવવા મહેનત કરવી પડશે. તો આવો આપણે સાથે મળીને આ ભગીરથ કાર્યને તન-મન-ધનથી સહયોગ કરીએ

જય સતવારા જય હિન્દ

**દાન આપવા માટે બેંક ખાતાની વિગત નીચે મુજબ છે. અને આપના દ્વારા કરેલ દાનની રકમ 80 (G) માં બાદ મળશે.** PAN No. AAZTS9683C

**શ્રી સમસ્ત સતવારા સમાજ શૈક્ષણિક અને ચેરીટેબલ ટ્રસ્ટ-ગાંધીનગર**

**બેન્કનું નામ : બેંક ઓફ બરોડા, ખાતા નં. ૪૫૯૭૦૨૦૦૦૦૨૧૭૩**

IFSC કોડ : BARBoSARGAS (પાંચમો અંક શૂન્ય છે.) શાખા : સરગાસણ ચોકડી, ગાંધીનગર

**સંપર્ક : શ્રી નરેશભાઈ કણઝારીયા- ૯૦૯૯૨ ૮૮૫૫૫**

**શ્રી ગોકુલભાઈ ડાભી : ૯૯૭૯૮ ૯૬૨૦૧**

**શ્રી કૈલાશભાઈ કણઝારીયા : ૯૫૧૦૯, ૫૭૮૯૯,**

**શ્રી અશોકભાઈ ચાંપાનેરી : ૯૮૨૪૧ ૧૦૮૨૪**

શ્રી સતવારા જ્ઞાતિ મંડળ (સાર્વ ટ્રસ્ટ રજી. નં. એ ૨૫૦૫, તા. ૦૬-૦૨-૧૯૯૧)

# શ્રી સમસ્ત સતવારા કન્યા છાત્રાલય રાજકોટ

**સૈનિક સોસાયટી પાછળ, નાગેશ્વર મંદિર પાસે, જામનગર હાઈવે રોડ, રાજકોટ**

આપ શ્રી જાણો છો કે રાજકોટ એ સૌરાષ્ટ્રનું પાટનગર કહેવાય અને શિક્ષણનું મુખ્ય કેન્દ્ર પણ છે. રાજકોટમાં આપણા સમાજની ૪૦૦ થી વધારે દીકરીઓ ભાડાના મકાનમાં રહીને અભ્યાસ કરે છે. ઘણી તેજસ્વી અને હોંશિયાર વિદ્યાર્થીનીઓ (દીકરીઓ) તેમના પિતાની આર્થિક પરિસ્થિતિ સાધારણ કે નબળી હોવાથી રાજકોટ જેવા શહેરમાં ઉચ્ચ શિક્ષણથી વંચિત રહી જાય છે. પરંતુ રાજકોટમાં દીકરીઓ માટે બોર્ડિંગની વ્યવસ્થા ન હોવાથી અભ્યાસ કરી શકતી નથી. તેથી ગેસ્ટ હાઉસ, ધર્મશાળા કે હોટેલમાં રોકાવું પડે છે. જે આ સમયમાં યોગ્ય જણાતું નથી. રાજકોટમાં કન્યા છાત્રાલય હોવું એ આજના સમયની ખાસ જરૂરિયાત છે.

ગુજરાત સરકારશ્રીએ કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા માટે સમાજને ૨૦૦૦ વાર જેટલી જમીન બજાર ભાવથી ૫૦ ટકા (અડધી કિંમતે) ગુજરાત ભરના સમાજના દાતશ્રીઓના સહયોગથી મેળવેલ છે. જેમાં ટૂંક સમયમાં અદ્યતન ભવનનું બાંધકામ શરૂ કરવાનું હોય સમગ્ર સમાજને અમારી ખાસ નમ્ર અપીલ છે કે આપ સૌ ઉદાર હાથે દાન આપી આ મહાયજ્ઞના ભાગીદાર બનો એવી આશા અને અપેક્ષા-સહ શિક્ષણરૂપી ગંગાપ્રવાહમાં જોડાઈ આ ભગીરથ કાર્યને આપણે સૌ દાન રૂપી આહુતિ આપી વહેલામાં વહેલી તકે દીકરીઓ માટે વિદ્યાર્થી ભવન પૂરૂ કરીએ તેવી નમ્ર વિનંતી.

કન્યા છાત્રાલયના નિર્માણમાં આપ વધુ ને વધુ દાન આપો તેમજ બીજાને દાન આપવા માટે સમજાવો અને જે લોકોએ અગાઉ દાન નોંધાવેલ છે તેઓએ તાત્કાલિક દાન જમા કરવા વિનંતી કરવામાં આવે છે.

## દાન યોજના

**(૧) ૧૧,૦૦૦/- તકતીમાં નામ**
**(૨) ૧૫,૦૦૦/- એકવાર ભૂમિદાનની તકતીમાં નામ**
**(૩) ૨૫,૦૦૦/- તકતીમાં બે વ્યક્તિના નામ**
**(૪) ૫૧,૧૧૧/- તકતીમાં પરિવારનું નામ**
**(૫) ૧,૧૧,૧૧૧/- ગાળાના દાતાશ્રીની નામની તકતી**
**(૬) ૧,૫૧,૧૧૧/- દસ (૧૦) વાર ભૂમિદાનની તકતી**



**(૭) ૨,૫૧,૦૦૦/- રૂમના દાતાશ્રી**
**(૮) ૩,૦૦,૦૦૦/- વહીવટી ઓફીસ દાતાશ્રી**
**(૯) ૫,૫૧,૧૧૧/- રસોડું તેમજ સ્ટોરરૂમ દાતાશ્રી**
**(૧૦) ૧૧,૧૧,૧૧૧/- પ્રાર્થના હોલના દાતાશ્રી**
**(૧૧) ૧૧,૧૧,૧૧૧/- ભોજનાલય (અન્નપૂર્ણા હોલ) ના દાતાશ્રી**
**(૧૨) ૧૧,૧૧,૧૧૧/- મંદિરના દાતાશ્રી**
**(૧૩) ૨૫,૦૦,૦૦૦/- એક માળ-એક વિંગના દાતાશ્રી (A વિભાગ)**
**(૧૪) ૨૫,૦૦,૦૦૦/- એક માળ-એક વિંગના દાતાશ્રી (B વિભાગ)**
**(૧૫) ૧,૧૧,૧૧,૧૧૧/- કન્યા છાત્રાલયના મુખ્ય દાતાશ્રી (ભવનનું નામકરણ)**

## શ્રી સતવારા કન્યા છાત્રાલય રાજકોટ બેંક એકાઉન્ટ ડિટેઇલ

**Name:-SHREE SATWARA KANYA CHHATRALAY RAJKOT** (શ્રી સતવારા કન્યા છાત્રાલય રાજકોટ)
**ACCOUNT NO : 101294600000091,**
**ISFC CODE : YESB0001012**
**BANK NAME : YES BANK,**
**BARNCH - RAIYA ROAD BRANCH**

**દાન નોંધાવવા સંપર્ક કરવો (પત્ર વ્યવહારનું સરનામું)**

સતવારા વિદ્યાર્થી ભવન, રાજકોટ, સરસ્વતી પાર્ક,
રૈયા સર્કલ પાસે, રૈયા રોડ, રાજકોટ-૩૬૦૦૦૭
શ્રી શાંતિભાઈ પરમાર (પ્રમુખશ્રી) ૯૮૨૫૩૭૬૯૩૨
શ્રી ભગવાનજીભાઈ પરમાર (ઉપપ્રમુખશ્રી) મો. ૯૨૭૬૦૮૭૦૦૪
શ્રી માવજીભાઈ મારવિયા (મંત્રીશ્રી) ૯૪૨૮૨૫૮૬૦૦
શ્રી વિજયભાઈ ખાંદલા (સહમંત્રીશ્રી) ૮૮૬૬૬૪૧૯૦૧
શ્રી હીરાભાઈ કણજારીયા (ખજાનચી) ૯૮૨૪૪૭૭૦૮૫

# શ્રી સતવારા સહકાર મંડળ મોરબી દ્વારા આયોજીત દસમો સમુહ લગ્નોત્સવ તા. ૧૩-૨-૨૦૨૫ના રોજ યોજાઈ ગયો

દસમો સમુહ લગ્નોત્સવ આ વર્ષે રામકો ગ્રાઉન્ડ બાયપાસ રોડ કામધેનુ પાર્ટી પ્લોટની બાજુમાં મોરબી ખાતે યોજાયેલ જેમાં ૯ વર કન્યાઓ જોડાયેલ હતા. એ દરેક દીકરીઓને સુખી લગ્નજીવનની મંગલ શુભકામનાઓ.

દસમાં લગ્નોત્સવમાં રાજકીય આગેવાનશ્રીઓ, ગામ તેમજ બહારગામના સામાજીક આગેવાનશ્રીઓ તેમજ ધાર્મિક સંસ્થાનોના સંત મહંતોએ પધારીને સમુહ લગ્નોત્સવની શોભામાં અભિવૃદ્ધિ કરેલ એ તમામ મહાનુભાવોનો શ્રી સતવારા સહકાર મંડળ વતી ખૂબ ખૂબ આભાર.

દસમાં સમુહ લગ્નમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ સમાજના ભામાશા પરિવારોએ ખોબલે ખોબલે સહયોગ આપેલ એ બદલ સમાજ દાતાશ્રીઓનો ખુબ ખુબ આભાર. દસમાં લગ્નોત્સવમાં ૯ દીકરીઓના દીકરી દત્તક દાતાઓએ પણ આ વર્ષે દિકરી દત્તકનો લાભ લઈ અને આ સેવાયજ્ઞમાં સહયોગ આપેલ હતો.

એ તમામ દાતાઓ તેમજ નાના મોટા સૌ રોકડદાનના દાતાઓનું શ્રી સતવારા સહકાર મંડળ દ્વારા સન્માનિત કરવામાં આવેલ તેમજ શ્રી સતવારા સહકાર મંડળના પાયાના પત્થર એવા પૂર્વ પ્રમુખ શ્રી મેરૂભાઈ કલાભાઈ કંઝારીયા પૂર્વ ઉપપ્રમુખ શ્રી ધરમશીભાઈ મોતીભાઈ હડિયલ તેમજ પૂર્વ મંત્રી શ્રી લાલજીભાઈ કેશવજીભાઈ જાદવનું મંડળ દ્વારા સન્માન કરવામાં આવેલ આ તકે તેમનો પણ ખુબ ખુબ આભાર.

દસમાં સમુહ લગ્નોત્સવમાં ૧૨૫ વસ્તુઓ કરીયાવર દાનમાં આવેલ જે કરિયાવરમાં લાકડાની શેટ્ટી તેમજ સોના, ચાંદીના ઘરેણાની વિવિધ વસ્તુઓ ઈલેક્ટ્રોનિકસ સાધનો સાથે વાસણ અને જરૂરી સામાન દરેક દિકરીઓને દાનમાં મળેલ, જે સમાજના સૌ દાતાઓના સહયોગથી શક્ય બન્યું હતું, આ તકે એ જણાવવું જ રહ્યું કે કરીયાવર દાતાઓમા મુખ્યત્વે કાયમી દાતા છે જેઓ દર વર્ષે કરીયાવર દાન આપે છે. એ તમામ દાતાઓનો શ્રી સતવારા સહકાર મંડળ અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરે છે. તો આ દસમાં સમુહ લગ્નોત્સવને સફળતાના શિખરે પહોંચાડનાર શ્રી સતવારા સહકાર મંડળના તમામ સમિતીઓના સભ્યોશ્રીઓ, મંડળના કરિયાવર કે રોકડ રકમના દાતાશ્રીઓ તે ઉપરાંત કોઈપણ સામાજીક કાર્યની નિઃશુલ્ક ફોટોગ્રાફી સેવા આપતા ગણેશ સ્ટુડિયોના કાંતિલાલ પરમાર અને બાબા રામદેવ મંડપ દ્વારા રાહત દરે મંડપ સેવા પુરી પાડેલ તેમજ કિશોરભાઈ પરમાર અને રામજીભાઈ પટેલ દ્વારા રામકો ગ્રાઉન્ડ સહકાર મંડળને જ્યારે પણ જરૂર પડે ત્યારે નિઃશુલ્ક ઉપયોગમાં આપે છે. તેમનો પણ મંડળ આભાર વ્યક્ત કરે છે. સાથે મંડળના કાર્ય માટે રાત્રિના ત્રણ ત્રણ વાગ્યા સુધી મથીને પણ કંકોત્રી પ્રીન્ટીંગમાં કામ કરી આપતા આર્ટવિલા ક્રિએટીવ સ્ટુડીઓના અતુલ પરમાર-પ્રવિણ પરમાર સહ તમામ નાની અનામી સર્વ સહયોગ મિત્રોનો શ્રી સતવારા સહકાર મંડળ હૃદય પૂર્વક આભાર વ્યક્ત કરે છે. સાથે દસમાં સમુહ લગ્નમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહભાગી થનાર તમામ સભ્યોનો અને દાતાઓનો પણ ખુબ ખુબ આભાર સહ ખુબ ખુબ અભિનંદન.

આજના આધુનિક યુગમાં લગ્ન પ્રસંગ ઘણો ખર્ચાળ બને છે અને ખોટી દેખાદેખી પાછળ આર્થિક ભીંસ વધતી જાય છે. દિવસે ને દિવસે મોંઘવારી પણ વધતી જાય છે, તેથી આ સમયમાં સમુહ લગ્ન એ આશીર્વાદ સમાન હોય છે. હવે લગ્ન એક કે બે જ નહીં પણ ત્રણ ત્રણ દિવસનો ખર્ચાળ પ્રસંગ બનતો જાય છે. આર્થિક ક્ષમતા ધરાવનાર લોકોએ લગ્ન પ્રસંગે અતિ ખર્ચાળ બનાવી નાખ્યો છે. અને આ બધુ જોઈને નાના અને મધ્યમવર્ગના લોકો માથે દેવું કરીને પણ લગ્નમાં દેખાડો કરવાના રવાડે ચડતા જાય છે અને તેના માઠા પરિણામ પણ સમાજે ભોગવવા પડે છે. અને ભોગવી રહ્યા છે. આ બધી જ મુશ્કેલીઓ માટે એક માત્ર ઉપાય છે તે ''સૌને ઘેર સમુહ લગ્ન'' ત્યારે સમુહ લગ્નોત્સવ એ સમાજની સંગઠન શક્તિ માટે ઉત્તમ આયોજનછે. ઘણા સમુદાયે સમુહ લગ્નોને હવે કાયમી બનાવી દીધા છે. લોકો સમુહ લગ્નો માટે ડોનેશન આપતા થયા છે સમાજના લોકો નવદંપતિને એટલી બધી ભેટ સોગાદો આપે છે કે બીજા વર્ષે અન્ય લોકો પણ સમુહ લગ્નમાં જોડાવા પ્રેરાય છે જે ખુબ જ આનંદદાયક છે.

શ્રી સતવારા સહકાર મંડળ મોરબી પ્રમુખ શ્રી લલીતભાઈ કંઝારિયા, ઉપપ્રમુખ શ્રી જયંતીલાલ ડાભી, ઉપપ્રમુખ શ્રી મનસુખભાઈ નકુમ, મંત્રી શ્રી વિજયભાઈ પરમાર ખજાનચી શ્રી પ્રેમજીભાઈ સોનગરા કન્વીનર શ્રી દિનેશભાઈ પરમાર, સહ કન્વીનર શ્રી વિનોદભાઈ પરમાર, સહ કન્વીનર શ્રી રોહિતભાઈ કંઝારિયા વતી.

**લિ. મંત્રી શ્રી વિજય સતવારાના જય સિદ્ધનાથ મહાદેવ.**


























**દસમો સમુહ લગ્નોત્સવ મોરબીની તસવીરો નજરે પડે છે.**

II જય સિદ્ધનાથ II

# શ્રી સતવારા-કડીયા સમાજ-ગાંધીનગરની વાર્ષિક સામાન્ય સભા

ગાંધીનગર સમાજની ત્રિવાર્ષિક નવી કારોબારી સમિતિની સામાન્ય સભા તા. ૨૭-૪-૨૦૨૫ને રવિવારના રોજ આયોજીત કરવામાં આવેલ હતી.

સામાન્ય સભામાં મુખ્ય મહેમાન તરીકે શ્રી એચ. કે. વઢવાણિયા સાહેબને (એડી.અધિક સેક્રેટરી, હેલ્થ) તેમજ ગાંધીનગર સમાજના તમામ ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ શ્રી વિનુભાઈ એ. કડીયા, શ્રી ઓ.ટી. વાઘેલા, શ્રી ગોકુળભાઈ એમ. ડાભી, શ્રી દિનેશભાઈ જે. પરમાર, શ્રી સૂર્યકાંતભાઈ એન. ડાભી તેમજ શ્રી અશોકભાઈ એ. કટેશીયા અને શ્રી અશોકભાઈ એન. ચાંપાનેરીને મંચસ્થ ઉપર સ્થાન ગ્રહણ કરવા આમંત્રણ આપેલ. ત્યાર બાદ સર્વે મંચસ્થ મહાનુભાવોનું તિલક, પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવેલ હતું.

પ્રસંગને અનુરૂપ ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ દ્વારા સમાજમાંથી કુરિવાજોને દુર કરી, શિક્ષણ ક્ષેત્રે ઉચ્ચ પ્રગતિ કરી, સરકારશ્રીમાં નોકરીના વિવિધ ઉચ્ચ હોદ્દાઓ ઉપર, ખાનગી ઔદ્યોગિક એકમમાં ઉચ્ચ સ્થાન તેમજ વિવિધ હોદ્દાઓ ઉપર નોકરી મેળવીને પોતાના કુટુંબ અને સમાજને આગળ



**શ્રી મુકેશભાઈ એન. ડાભી**
**પ્રમુખશ્રી**



**શ્રી નાગરભાઈ એલ. દલવાડી**
**ઉપ પ્રમુખશ્રી**



**શ્રી સુભાષભાઈ એમ. સતવારા**
**ઉપ પ્રમુખશ્રી**



**શ્રી અશોકભાઈ ચાંપાનેરી**
**મંત્રીશ્રી**



**શ્રી રાજેન્દ્રભાઈ વી. બુમતારીયા**
**સહ મંત્રીશ્રી**



**શ્રી દીલીપભાઈ આર. ડાભી**
**ખજાનચીશ્રી**

લાવવામાં આવે તેમજ શ્રી એચ.કે. વઢવાણિયા સાહેબ દ્વારા યુપીએસસી, જીપીએસસીની પરીક્ષાની તૈયારી કરવા માટેનું અમદાવાદ સ્થિત સ્પીપામાં વિના મુલ્યે પરીક્ષા બાબતે તેમજ રૂબરૂ ઈન્ટવ્યુ વગેરેની માહિતી આપી હતી. સદર સામાન્ય સભામાં ગાંધીનગર ખાતે વસતા સર્વ કુટુંબો ઉત્સાહથી ઉપસ્થિત રહ્યા હતા. આગામી ત્રણ વરસ માટેની નવી કારોબારીની રચના માટે સ્વૈચ્છિક ઉમેદવારી નોંધાવીને વર્ષ-એપ્રિલ-૨૦૨૫-૨૦૨૮ માટે નીચે મુજબના હોદ્દેદારશ્રીઓની નિમણૂંક કરવામાં આવેલ છે.

| ક્રમ | નામ | જવાબદારી | મોબાઇલ નંબર |
|---|---|---|---|
| ૧ | શ્રી મુકેશભાઈ એન. ડાભી | પ્રમુખ | ૯૭૨૭૭ ૯૨૬૦૧ |
| ૨ | શ્રી નાગરભાઈ એલ. દલવાડી | ઉપપ્રમુખ | ૯૪૨૮૮ ૧૪૧૬૬ |
| ૩ | શ્રી સુભાષભાઈ એમ. સતવારા | | ૯૮૨૪૫ ૧૨૪૦૮ |
| ૪ | શ્રી અશોક એન. ચાંપાનેરી | મંત્રી | ૯૮૨૪૧ ૧૦૮૨૪ |
| ૫ | શ્રી રાજેન્દ્રભાઈ વી. બુમતારીયા | સહમંત્રી | ૯૪૨૬૨ ૨૭૭૪૦ |
| ૬ | શ્રી દિલીપભાઈ આર. ડાભી | ખજાનચી | ૯૯૯૮૨ ૨૦૧૨૦ |
| ૭ | શ્રી દિપકભાઈ ચાવડા | સહ ખજાનચી | ૯૪૨૮૧ ૭૧૩૯૩ |
| ૮ | શ્રી સંજયભાઈ બી. કછેટીયા | ઓડિટર | ૭૮૧૮૮ ૯૯૧૯૮ |
| ૯ | શ્રી નરસીભાઈ એમ. ડાભી | સંગઠન મંત્રી | ૯૯૭૯૮ ૯૬૨૦૨ |
| ૧૦ | શ્રી ભાવેશભાઈ એચ. કડીયા | | ૯૪૨૭૪ ૦૭૩૯૬ |
| ૧૧ | શ્રી જયેન્દ્રભાઈ બી. કડીયા | | ૯૮૨૪૫ ૧૪૯૬૩ |
| ૧૨ | શ્રી અરવિંદભાઈ કડીયા | | ૯૪૨૮૩ ૮૭૩૮૯ |
| ૧૩ | શ્રી કાંતીભાઈ પી. મોરી | | ૯૮૨૪૪ ૪૫૮૨૭ |
| ૧૪ | શ્રી મનસુખભાઈ પી. પરમાર | | ૯૮૨૪૩ ૩૩૮૭૮ |
| ૧૫ | શ્રી દયાળજીભાઈ બી. નકુમ | | ૯૪૨૭૭ ૭૨૮૮૭ |
| ૧૬ | શ્રી પંકજભાઈ ડી. રાઠોડ | | ૬૩૫૩૮ ૮૮૮૪૬ |
| ૧૭ | શ્રી મહેશભાઈ આર. પરમાર | | ૯૮૨૪૨ ૦૭૦૧૯ |
| ૧૮ | શ્રી જયેશભાઈ જે. કડીયા | કારોબારી સભ્યો | ૯૩૭૭૯ ૯૮૪૦૪ |
| ૧૯ | શ્રી અશોકભાઈ જી. ડાભી | | |
| ૨૦ | શ્રી ડૉ. વિશાલભાઈ એમ. સથવારા | | ૯૬૩૮૨ ૫૧૭૪૨ |
| ૨૧ | શ્રી રણછોડભાઈ ટી. ચૌહાણ | | ૯૨૨૮૪ ૦૦૩૬૮ |
| ૨૨ | શ્રી ખીમજીભાઈ કે. કણજરિયા | | ૯૪૨૯૦ ૨૧૯૫૪ |
| ૨૩ | શ્રી નવિનચંદ્રભાઈ આઈ. ચૌહાણ | | ૯૨૨૮૨ ૧૯૫૩૫ |
| ૨૪ | શ્રી કાન્તિભાઈ જી. ખાંદલા | | ૯૮૨૫૨ ૯૦૭૩૩ |

સદર સામાન્ય સભાનું સફળતાપૂર્વક સંચાલન શ્રી નવિનચંદ્રભાઈ આઈ. ચૌહાણ દ્વારા કરવામાં આવેલ હતું.

સામાન્ય સભાને અંતે ઉપસ્થિત સર્વે મહાનુભાવોએ સમુહમાં સ્વરૂચિ ભોજનનો સ્વાદ માણી નવી કારોબારી સભ્યોશ્રીઓને હાર્દિક અભિનંદન પાઠવી એકબીજા સાથે આનંદ અને ઉત્સાહથી ઘર તરફ પ્રયાણ કરેલ.

**સંકલન કર્તા : અશોકભાઈ એન. ચાંપાનેરી**

# આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીનો કાર્યક્રમ

સિદ્ધનાથ મહાદેવની જય,

સતવારા સમાજ ભવન વિરાટ નગર ખાતે મહિલા કલબ દ્વારા મહિલા દિવસનિમિત્તે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીનો કાર્યક્રમ કર્યો. ● **મેરી સખી મેરી સહેલી** ●

આ કાર્યક્રમમાં મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે સતવારા સમાજના મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહ્યા ૬૦ જેટલા બહેનો હતા અને ડ્રેસ કોડ બ્લુ ને રેડ કલર રાખેલ.

સૌ પ્રથમ કેક કાપી અને બધી બહેનો સાથે મળીને કાર્યક્રમની ઉજવણી કરેલ. ગેમ રમાડવામાં આવેલ. જે ગેમમાં ભાગ લેનાર બહેનો જોડીમાં હતા અને એમાં અલગ અલગ રાઉન્ડ રાખવામાં આવેલ. પહેલા રાઉન્ડમાં જોડીમાં બહેનો આવ્યા હોય તે બીજા બહેનોનો અવાજ ઓળખી બતાવે બીજા રાઉન્ડમાં જોડીમાં ભાગ લેનાર બહેનો તેના જોડીદારનો સ્પર્શ કરી અને તેમને ઓળખવાનો પ્રયાસ કર્યો. ત્રીજા રાઉન્ડમાં રાઉન્ડ હતો જે વન મિનિટ ગેમ રાખવામાં આવી હતી અને પછી ગેમમાં વિજેતા થનાર બહેનોને ઇનામ આપવામાં આવ્યું. ત્યારબાદ બધા સાથે મળી ગરબા પણ રમ્યા અને બધાને નાસ્તો કરાવ્યો. આ કાર્યક્રમમાં બહેનોને સખી મંડળ વિશેની માહિતી ગીતાબેન દલવાડીએ આપી અને એના વિશે સમજાવ્યું. અંતમાં બધાને મહિલા દિવસ નિમિત્તે શ્રી સતવારા સમાજ મહિલા કલબ કમિટી દ્વારા બધી બહેનોને ગિફ્ટ રૂપેનેઇલ પોલીસ આપવામાં આવી અને ખુબ જ કાર્યક્રમની મજા માણી. આ કાર્યક્રમ મહિલા કલબ કમિટી દ્વારા આયોજન કરવામાં આવેલ જેમાં નીતાબેન જયેશભાઈ રાઠોડ, જાગૃતિબેન ચંદ્રેશભાઈ કડિયા, હીનાબેન રવિન્દ્રભાઈ ચાવડા, વિધિબેન શક્તિભાઈ સથવારા ડૉ. ઉસાંગી, ડૉ. વિધિ ચંદ્રેશભાઈ કડિયા, દીપિકાબેન પ્રકાશભાઈ કણજારીયા બધાના ખૂબ જ અથાગ પ્રયત્નોથી કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો. બધી બહેનોના સાથ અને સહકારથી કાર્યક્રમ ખુબ સફળ રહ્યો. સૌ બહેનોનો ખુબ ખુબ આભાર.

**સંકલન :**
**નીતાબેન જયેશભાઈ રાઠોડ**
**પ્રમુખશ્રી સતવારા મહિલા કલબ અમદાવાદ**
**મો. ૯૪૨૬૫ ૮૪૪૭૭**

















# શ્રી સતવારા કડિયા સમાજ ખંભાતના ભવનમાં ઉજવાયેલ રામજી મંદિર અને જાગનાથ મહાદેવના સાનિધ્યમાં ભવ્ય ધાર્મિક કાર્યક્રમ

સંવત ૨૦૮૧ વૈશાખ સુદ-૭ રવિવાર તા. ૪-૫-૨૦૨૫ના રોજ શ્રી સથવારા કડિયા સમાજ ખંભાતની ભવન (વાડી) ખાતે આવેલ શ્રી રામજી મંદિર અને જાગનાથ મહાદેવના સાનિધ્યમાં પ્રતિવર્ષની જેમ આ વર્ષે હવનની પૂજા વિધિ અને ઉજાણી પૂર્ણાહુતિ આરતીના દર્શન કરીને સૌ જ્ઞાતિજનોએ ધન્યતા અનુભવી. સૌ જ્ઞાતિજનોએ તન મન ધનથી સેવા કરેલ. તથા આ માતાજીના યજ્ઞમાં કુલ પાંચ (કપલ) યજમાન બેઠેલ તેમાં શ્રી વિષ્ણુભાઈ નગીનભાઈ કડીયા, શ્રી જુગલભાઈ મુકેશભાઈ કડિયા, (હાલ વડોદરા) શ્રી નીતેશભાઈ કડિયા (લાલાભાઈ હાલ ખંભાત) શ્રી લાલાભાઈ નગીનભાઈ કડિયા (હાલ સોજીત્રા) શ્રી જયભાઈ મનુભાઈ મીસ્ત્રી યજ્ઞ યજમાન ૫૦૧ રૂ. સેવા આપીને યજ્ઞનો લાભ લીધેલ. તથા સાંજે ઉજાણી પણ રાખેલ તેમાં શ્રી લાલાભાઈ નગીનભાઈ કડિયા તરફથી એક તેલનો ડબ્બો તથા શ્રી જયેન્દ્રભાઈ મોહનલાલ મીસ્ત્રી તરફથી ચોખા તથા મીઠાની સેવા તથા શ્રી નરેન્દ્રભાઈ રામ ચંદ્રભાઈ કડિયા તરફથી પૂરીના લોટની સેવા તથા સ્વ. શ્રી ભુપેન્દ્રકુમાર નટવરલાલ મિસ્ત્રી (હસ્તે ઉર્મિલાબેન ભુપેન્દ્રકુમાર મીસ્ત્રી) તરફથી કઢીની તથા હર્ષભાઈ બાલમુકુંદભાઈ કડિયા જબરેશ્વર પ્રોવિઝન સ્ટોર ખંભાત તરફથી ઠંડા સરબતની સેવા મળેલ.

આ યજ્ઞમાં ખંભાત નડિયાદ, અમદાવાદ, સોજીત્રા, વડોદરાના તમામ જ્ઞાતિજનોએ ભાગ લીધેલો. તથા દરેક જ્ઞાતિજને પોતાની યથાશક્તિએ સમાજના આ મહાન કાર્યમાં દાન પણ કરેલ. તથા ઉજાણીમાં પ્રતિ વ્યક્તિએ રૂ. ૬૦ પાસ પણ રાખેલા તેમાં રસ, પુરી, ઢોકળા, કઢી, ભાત તથા પાપડનું મેનુ રાખેલું. સૌ જ્ઞાતિએ આનંદ ઉત્સાહથી ભાગ લીધેલો તથા રાજુભાઈ નટવરભાઈ રામી ફૂલવાળા તરફથી ૧૧૦૦૦ રૂ.નું આરતી માટે નગારૂં તથા ઝાલર મશીનની સેવા શ્રી રામજી મંદિરમાં ભેટમાં મળેલ. તથા આ સમગ્ર કાર્યક્રમમાં શ્રી રાજેશભાઈ કડિયા તથા શ્રી બાલાભાઈ કડિયા શ્રી રામદાસભાઈ કડિયા શ્રી ચંદ્રકાંતભાઈ કડિયા તથા શ્રી ચંપકભાઈ કડિયા, શ્રી કલ્પેશભાઈ કડિયા, શ્રી અમીતભાઈ કડિયા, શ્રી નિતેશભાઈ (લાલાભાઈ) કડિયા, શ્રી હર્ષભાઈ કડિયા, શ્રી બાલાભાઈ કડિયાએ આ સર્વ કાર્યક્રમમાં તથા યજ્ઞમાં તથા ઉજાણીમાં ખૂબ સારી સેવા કરેલ અને તમામ કામકાજ પૂર્ણ કરેલ. સૌ જ્ઞાતિજનોએ કાર્યક્રમમાં ભાગ લીધેલ. તે સૌને ચામુંડા માતાજી શ્રી રામજી મંદિર શ્રી જાગનાથ મહાદેવ તેઓને તન મન ધનથી સારામાં સારી સેવા કરી તે સૌનો હૃદયથી અમે સૌ કાર્યકરો આપ સૌનો આભાર વ્યક્ત કરીએ છીએ.

આ ઉજાણીમાં (૨૬૧) ભાઈ તથા બહેનો તથા બાળકોએ મહાપ્રસાદનો લાભ લીધેલ. સેવા કરતા સૌ કાર્યકરોનો પણ આભાર.







**લેખન : કલ્પેશભાઈ કડિયા-ખંભાત ખંભાત સથવારા કડિયા સમાજ ખંભાતની વાડી, મોચી વાડ, ખંભાત**












ખંભાતની વાડી ખાતે આવેલ શ્રી રામજી મંદિર અને જાગનાથ મહાદેવના સાનિધ્યમાં પ્રતિવર્ષની જેમ આ વર્ષે હવનની પૂજા વિધિ અને ઉજાણી

# સતવારા સમાજના મુઠ્ઠી ઊંચેરા માનવી મોરબી-માળિયાના પૂર્વ ધારાસભ્ય, મોરબી

સતવારા જ્ઞાતિના પૂર્વ પ્રમુખ, આજીવન ખાદીધારી, ગુજરાત રાજ્ય સહકારી બેંકના પૂર્વ પ્રમુખ અને લોકસેવાના અનેક એવોર્ડ મેળવેલ એવા લોકસેવક અને મોરબીના ગાંધી તરીકે ઓળખાતા સ્વ. ગોકળદાસ પરમારની તા. ૨૮-૪-૨૫ના રોજ ચોથી પુણ્યતિથિ નિમિત્તે મોરબી રાષ્ટ્રીય સેવા મંડળ દ્વારા રામધુન સાથે સ્વ. ગોકળદાસ પરમારના સ્ટેચ્યુને સુતરની આંટી પહેરાવી શ્રદ્ધાંજલિ આપવામાં આવેલ. તા. ૦૬-૦૧-૧૯૨૨ના રોજ મોરબીમાં જન્મેલા ગોકળદાસ ડોસાબાઈ પરમાર એટલે કે ગોકળબાપાનું સતકના વર્ષમાં તા. ૨૮-૪-૨૦૨૧ના રોજ અવસાન થયેલ.

પૂજ્ય ગાંધીજીના વિચારોને જેમણે જીવનમાં સારી રીતે ઉતારેલ છે. મુંબઈની વિલ્સન કોલેજમાં અભ્યાસ કરતા હતા ત્યારે ૧૯૪૨માં ગાંધીજીએ ક્વીટ ઇન્ડિયા ભારત છોડોનું એલાન કર્યું ત્યારે અભ્યાસ છોડીને મોરબી વિસ્તારમાં સમાજ સેવાનું કાર્યક્ષેત્ર બનાવ્યું., મૂલ્યનિષ્ઠ જીવન અને રાજકારણમાં ઉતારેલ છે, જીવેલ છે. તેવા ગોકળબાપા સતવારા જ્ઞાતિના મોભી અને ગુજરાતના જાહેર જીવનના આદર્શ પરાયણ અને આપણા સૌ માટે આદર્શ સમાન છે અને સમગ્ર મોરબી -માળિયા માટે ગૌરવ સમાન છે.

મોરબી -માળિયા વિસ્તારના ત્રણ ત્રણ વખત ધારાસભ્ય બનેલ, પૂર્વ ધારાસભ્ય તેવા ગોકળબાપાએ સતવારા જ્ઞાતિના પ્રમુખ તરીકે વર્ષો સુધી સેવા આપેલ છે. ગુજરાત રાજ્ય સહકારી સંઘના પ્રમુખ તરીકે, ગુજરાત રાજ્ય જમીન વિકાસ બેન્કના ડિરેક્ટર તરીકે, ગુજરાત રાજ્ય માર્કેટિંગ સોસાયટીના ડિરેકટર તરીકે, રાજકોટ જિલ્લા સહકારી સંઘના પ્રમુખ તરીકે, રાજકોટ જિલ્લા કોંગ્રેસ સમિતીના પ્રમુખ તરીકે, સર્વોદય એજ્યુકેશન સોસાયટીના પાયાના સભ્ય તરીકે, વિદ્યોતેજક મંડળના પ્રમુખ તરીકે મોરબી ખાદી ભંડારના પ્રમુખ તરીકે અરે ધારાસભામાં અધ્યક્ષ તરીકે, ગુજરાત સભાના હિસાબ સમિતીના અધ્યક્ષ એટલું જ નહીં ધારાસભામાં પણ પોતે આઈએએસ તરીકે ઓળખાતા હતા. તેમજ અનેક સામાજીક સંસ્થાઓ સાથે સમાજના નબળા વર્ગોના ઉત્કર્ષ માટે અનેક કાર્યો કરેલા છે. તેઓએ આપેલી સેવા કયારેય વિસરી શકાય તેવી નથી.

વજુભાઈ સહાય એવોર્ડ હોય કે પછી કુંભકો દ્વારા મળેલો સહકારી મંડળીનો એવોર્ડ હોય કે પછી વ્યક્તિ વિશેષ ગૌરવ પુરસ્કાર હોય કે પછી ગુજરાતી રત્ન એવોર્ડ હોય ગોકળબાપાને દરેક જગ્યાએથી સન્માન પ્રાપ્ત થયું છે. અરે મોરબી-માળિયા વિસ્તારના આગેવાનોએ૭૫ વર્ષ પૂર્ણ થતાં ઉજવણી કરેલ. સતવારા સમાજે ૭૫ વર્ષ પૂર્ણ થતાં જ્ઞાતિ સમુહ ભોજન રાખેલ. ભારતના વડાપ્રધાન જવાહરલાલ નહેરુ, ઇન્દ્રા ગાંધી, રાજીવ રાંધી, મોરારજી દેસાઈ, નરેન્દ્ર મોદી, વગેરે અનેક મહાનુભાવ સાથે પરિચયમાં રહેલા તેના બોલતા પુરા ફોટોગ્રાફ અને તેઓને મળેલા એવોર્ડ સાથેનું મ્યુઝિયમ મોરબી રાષ્ટ્રીય સેવા મંડળની જગ્યા (વીસીપરા)માં બનાવવામાં આવેલ છે. જેનો લાભ લેવા સર્વેને અનુરોધ છે. મારા જેવા હજારો લોકો માટે જેમણે જીવનનો રાહ ચિંધ્યો છે તેવા ગોકળબાપાના આશીર્વાદ આપણા સર્વે ઉપર વરસતા રહે તેવી ઈશ્વર પાસે પ્રાર્થના. ઈશ્વર તેમના આત્માને શાંતિ આપે તેવી ઈશ્વરને પ્રાર્થના.

**ડો. લખમણભાઈ એમ. કંઝારીયા**
**મોરબી**


શ્રી મોરબી રાષ્ટ્રીય સેવા મંડળ
પ્રમુખ તથા લોક સેવક
ગોકળદાસભાઈ ડોસાભાઈ પરમાર


સંચાલિત





॥ જય સિદ્ધનાથ ॥

# ''સમાજ વિકાસની ચાવી-ખૂમારી''

(લેખક પરિચય :-રામજીભાઈ મગનભાઈ મકવાણા, લીંબડી જી. સુરેન્દ્રનગર (૧) શ્રી ઝાલાવાડ સતવારા બોર્ડિંગ ને કન્યા છાત્રાલય-જોરાવરનગરના મંત્રી-વર્ષ-૧૯૭૫ થી ૧૯૯૭ ૨૨ વર્ષ (૨) શ્રી સમસ્ત સતવારા મહામંડળના સહમંત્રી સ્થાપનાથી ૧૦ વર્ષ, મંત્રી-૧૯૯૯ થી ૨૦૦૮ = ૯ વર્ષ (૩) શ્રી સતવારા ઈતિહાસ સમિતિના પ્રમુખ, વર્ષ - ૨૦૧૩ થી (૪) આચાર્ય, શ્રી સી.ડી. કપાસી હાઈસ્કૂલ અને હાયર સેકંડરી સ્કૂલ - ચુડા-૧૯૯૭ થી ૨૦૦૧ = ૫ વર્ષ )

આપણો સમાજ (૧) પૂ. હરિબાપા અને ગોકળબાપાથી માંડી આજ સુધીના આગેવાનોના ભગીરથ પ્રયત્નોથી (૨) અનામતના શિક્ષણ, નોકરી અને લોનના લાભોથી (૩) શ્રી સિદ્ધનાથ મહાદેવ રથયાત્રાથી (૪) સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટની વિદ્યાર્થીઓને આર્થિક મદદથી (૫) બોર્ડિંગો અને કન્યાછાત્રાલયોના ભગીરથ પ્રયત્નોથી સમાજ આજે શિક્ષણ, નોકરી-ધંધા અને આધુનિક ખેતીથી સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને રાજકીય ક્ષેત્રે સમાજમાં માનભેર સ્થિતિમાં છે. છતાં સમાજ પ્રત્યે તીવ્ર ભાવના-લાગણી અને ખૂમારીના અભાવે બીજા કેટલાંક સમાજો કરતાં હજુ ઘણો પાછળ છે. આ વાત વિગતે સમજીએ.

(૧) સમાજમાં ઘણાએ શિક્ષણ ક્ષેત્રે ખૂબ પ્રગતિ સાધી છે. ખૂબ સારી ડિગ્રીઓ અને ખૂબ સારા પગાર ભથ્થા મેળવ્યા છે. શું તેઓ વિચારે છે કે સમાજના બધા જ લોકો પોતાની જેમ પ્રગતિ કરે ? આ માટે તેઓ કોઈ પ્રયત્નો કરે છે ? (૨) ઘણાએ વ્યાપાર-ધંધા અને ખેતીવાડી ક્ષેત્રે ખૂબ પ્રગતિ સાધે એવું વિચારીએ દિશામાં પ્રયત્નશીલ છે ? નબળા પશુ કે માણસને બીજાના ટેકાની જરૂર હોય છે. પણ સ્વાર્થવશ થઈ બધા પોતાની જ પ્રગતિ અને વિકાસનો વિચાર કરે, તો નબળો સમાજ કયારેય વિકસિત થઈ શકે નહીં. આ વાત ધ્યાને લઈ બધાએ એક સાથે-સંગઠિત થઈ સમાજના વિકાસ માટે પ્રયત્નશીલ થવાની આજે ખાસ-તાતી જરૂર છે. સંગઠનમાં શક્તિ છે. સંગઠિત શક્તિ જ સફળતા અપાવે જ છે. દેવ તુલ્ય શ્રી રામ, શ્રી કૃષ્ણ અને મહાત્મા ગાંધીજી જેવા એ પણ વાનરો, ગોવાળો અને દેશવાસીઓનો સહકાર લીધો જ હતો. સમાજે પણ તન-મન-ધનથી સહકાર આપવો જ જોઈએ. સમાજના ગૌરવમાં આપણું ગૌરવ છે. એ ક્યારેય પણ ભૂલવું ન જોઈએ.

સમાજ પ્રત્યે દરેકને પ્રેમ, લાગણી અને ગૌરવ સ્વાભાવિક રીતે જ હોય છે. પણ સુસુપ્ત ભાવનાથી કાંઈ વળતું નથી. જાગૃત અને પ્રખર પ્રેમ, લાગણી અને ગૌરવથી જ વ્યક્તિ પ્રેરિત થઈને કોઈ મહાન કાર્ય કરી શકે છે. વિચાર કરો-આપણો દેશ એકાદ હજાર વર્ષ ગુલામ રહ્યો. પરતંત્રતાના કાળમાં પણ લાખો લોકોએ ધર્મ-સંસ્કૃતિ અને સમાજ માટે પોતાના અમૂલ્ય પ્રાણોના બલિદાનો આપ્યા. ૧૮૫૭ની ક્રાંતિ અને પછીના આઝાદી-આંદોલનોમાં હજારો, લાખો લોકોએ હસતા માટે પોતાના બલિદાનો આપ્યા છે. આમાં આપણા સમાજનો સ્વ. ઉમાકાંતભાઈ કડિયા પણ હતા. બધા બલિદાનોના પ્રતાપે આપણે અમૂલ્ય આઝાદી મેળવી શક્યા છીએ અને સુખી છીએ. જેવું દેશનું તેવું જ સમાજનું છે. બલિદાન-ભોગ કે ત્યાગ વગર કાંઈ મળતું નથી. સમાજના વિકાસ અને પ્રગતિ માટે સમગ્ર સમાજે-સમાજ પ્રત્યે ઉગ્ર લાગણી-ભાવના અને પ્રેમ દાખવી તન-મન-ધનથી સમાજને શક્તિ મુજબ સહકાર આપવો જ પડશે, જેટલું આપશું તેટલો સમાજ વિકાસ થશે.

વિચાર કરો (૧) સમાજમાં કેટલા ભણેલા, સશકત, નિવૃત્ત લોકો છે ? આપણી કોઈ સંસ્થામાં કોઈ ફ્રી સેવા આપે છે ? સેવાનું ફળ અમોઘ છે. બધા સમજે છે, પણ કોઈ આ વાત વ્યવહારમાં મૂકતા નથી. કેમ ? કારણ કે આપણામાં સમાજ પ્રત્યેની ખૂમારીનો ભારે અભાવ છે. (૨) આપણી બધી સંસ્થાઓ પગારદારોથી ચાલે છે. ઠીક ચાલે છે, પણ ભાવનાશાળી-સેવાભાવી ચલાવતા હોય, તો તેની પ્રગતિ આભને આંબે એ નક્કી વાત છે. (૩) આપણા કેટલા ગામો-તાલુકા-જિલ્લા કેન્દ્રના ગામો છે ? કેટલા

શહેરોમાં ફ્રી ટ્યુશન કલાસ કે ફ્રી સ્પર્ધાત્મક પરીક્ષાના કલાસો ચાલે છે ? કેમ નથી ચાલતા ? ખુમારી નથી. (૪) આપણી કેટલી શિક્ષણ સંસ્થાઓ ચાલે છે ? કોણ નિયમિત કે પ્રાસંગિક દાન-ભેટ મોકલે છે ? કેમ ? ખૂમારી નથી (૫) મહામંડળે શ્રી સિદ્ધનાથ મહાદેવ રથયાત્રાને કાઢી સમાજમાં અમોઘ જાગૃતિ આણી. આજે એ રથયાત્રાને ૨૦ વર્ષ થયા. ફરી વાર એવી જાગૃતિની જરૂર નથી ? કેમ કોઈ વિચારતું નથી ? કારણ ખૂમારી, જાગૃતિ, પ્રેમ, તીવ્રલાગણી નથી. (૬) શ્રી સ.સ.એજ્યુકેશન ટ્રસ્ટે વર્ષ-૨૦૦૪થી આજ સુધીમાં સારી લાઈનના, ઉચ્ચ શિક્ષણ લેતા, તેજસ્વી જરૂરીયાતવાળા ભાઈ બહેનોને રૂ. ૧૮૩ લાખની, ૧૨૫ થી વધુ ગામોના ૬૦૬ થી વધુ ભાઈ બહેનોને ૪૦ થી વધુ લાઈનવાળાને વગર વ્યાજની લોન આપી છે. હવે મોંઘવારી વધતા આ સહાય મામૂલી થઈ ગઈ છે, સહાયની રકમ વધારવાની જરૂર છે. દરેક સુખી-સંપન્નની મદદ કરવાની ફરજ નથી ? કેમ કોઈ વિચારતું નથી ? કારણ ખુમારી નથી (૭) શ્રી સ.સ.એજ્યુકેશન ટ્રસ્ટની લોન લઈ સારી નોકરી મેળવી સૌ સુખી છે. તેમની સહકારની ફરજ નથી ? ભૂતકાળ કેમ ભૂલી ગયા છે ? (૮) આપણી બોર્ડિંગો અને કન્યા છાત્રાલયો અનેક છે. તેમાં ભણીને સુખી થયેલા હજારો વિદ્યાર્થી ભાઈ-બહેનો છે. કોઈ સંસ્થાને યાદ કરી નિયમિત કે પ્રાસંગિક દાન ભેટ મોકલે છે ? કેમ ? ખૂમારી નથી, ગૌરવ નથી. લાગણી નથી અને છે તો ઉગ્ર નથી.

ચાલો, જે થઈ ગયું તે થઈ ગયું. જાગ્યા ત્યારથી સવાર માનીએ. આપણે બધા જ સમાજ પ્રત્યે ખુમારી રાખીએ અને પણ જાગૃત અને તીવ્ર. (૧) આજે અભણ કોઈ નથી, દરેક સતવારા ભાઈ-બહેનના ઘેર ''સતવારા દર્પણ'' આવવું જ જોઈએ, ન આવે તે યોગ્ય નથી. દરેકે સમાજના પ્રવાહમાં ભળવું જોઈએ. દરેકે સમાજની નાની મોટી ઘટનાઓથી પરિચિત રહેવું જ જોઈએ. લવાજમ મામુલી છે. મહિને ફક્ત એક ચાના પૈસા જેટલું જ છે. (૨) ભગવાને જેમને આપ્યું છે તે નિયમિત દર મહિને ત્રણ- છ કે બાર મહિને આવકના ૨-૫ ટકા રકમ (ધર્મ ૧૦ % કહે છે.) પોતાના વિસ્તારની બોર્ડિંગ કે કન્યા છાત્રાલયને ઓન લાઈન મોકલે. (પોતે ન મોકલી શકતા હોય તો બીજા દ્વારા મોકલાવે.) (૩) સારા ભલા પ્રસંગે જન્મદિને દીવાળી-બેસતા વર્ષે સમાજની કોઈ પણ શિક્ષણ સંસ્થાને પ્રેમથી યાદ કરી ઉમંગથી દાન-ભેટ મોકલે. (૪) શ્રી સ.સ.એજ્યુકેશન ટ્રસ્ટ જરૂરિયાતવાળા વિદ્યાર્થી ભાઈ બહેનોને ઉચ્ચ શિક્ષણ માટે વગર વ્યાજની લોન આપે છે. વિદ્યા દાન મહાન છે. દરેક સુખી-સંપન્ન ભાઈ બહેનો નિયમિત અને પ્રાસંગિક દાન-ભેટ ખાસ યાદ કરીને મોકલે. (૫) આજે શિક્ષણ ખૂબ મોંઘુ થઈ ગયું છે, પણ બેંકો અને સરકાર ખૂબ સહકાર આપે છે. સરકાર કે બેંકમાંથી લોન લેવી ફકત વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે શક્ય નથી, પણ તેમની સાથે કોઈ આગેવાન, વેપારી કે નોકરિયાત જોડાય તો બેંકને નાણાની સલામતી દેખાય અને લોન આપે. વિનંતી છે. સમગ્ર સમાજના તમામ આગેવાનો, વેપારીઓ, ધંધાદારીઓ, કર્મચારીઓ સમાજના વિદ્યાર્થી ભાઈ-બહેનોને બેંક લોન અપાવવા તન-મન-ધન, પ્રેમ-લાગણી-ખુમારીથી સહકાર આપે, તો સમાજની પ્રગતિકોં કહે છે કે આભને ન આંબે ? જરૂર છે સમાજના દરેક નાના-મોટાએ નમ્ર ભાવે ખૂમારી દાખવવાની. આશા છે, બધા જ પોતાની પૂરી તાકાતથી આ દિશામાં તમામ પ્રયત્નો કરી છૂટશે. આમ કરવાથી કોઈએ કાંઈ ગુમાવવાનું નથી, મળવાનું છે. સમાજનું ઉજ્જવળ ભવિષ્ય. (૬) સદ્‌ભાગ્યે હાલમાં ગાંધીનગર, અમદાવાદ અને રાજકોટ ખાતે મહાન બોર્ડિંગો અને કન્યા છાત્રાલયો નિર્માણાધિન છે. પૈસા વગર કાંઈ થતું નથી. આપણી ફરજ નથી તન-મન-ધનથી મદદ કરવાની ? પૂછવાનું કોને છે ? બધા જ ગજા ઉપરવટ જઈ મદદ કરે અને કરાવે તે અનિવાર્ય છે. દીધા કરતા દેવરાવવું વધુ મહત્વનું છે. પોતે આપે અને આપી શકે તેવા પાસેથી અપાવે તે આંગળી ચિંધ્યાનું પુણ્ય છે. જેટલું મહત્વનું છે. એક માણસ મર્યાદામાં આપી શકે છે, પણ બીજા અનેક પાસેથી ધારે તો ઘણું અપાવી શકે છે. સમાજમાં દાતાઓનો તૂટો નથી. પણ દાતાઓ સુધી પહોંચનારાઓનો સમાજને ભારે તૂટો છે, આશા છે બધા જ ભાવનાશાળી લોકો સમાજની આ ખોટ પૂરી તાકાત લગાવીને પૂરી કરશે. અને ઉગ્ર ભાવના-લાગણી અને ખૂમારીની ખોટ પણ પૂરી કરશે.

**લિ. રામજીભાઈ મગનભાઈ મકવાણા- પૂર્વમંત્રી**
**શ્રી સમસ્ત સતવારા મહામંડળ, રામજીભાઈ મ. મકવાણા**
**સતવારા શેરી, રાધેશ્યામ મંદિર પાસે, લીંબડી-૩૭૩૪૨૧**
**(જી. સુરેન્દ્રનગર) મો. ૬૩૫૫૫ ૮૩૨૪૯**

રસીકભાઈ પી. દલવાડી
૯૯૯૮૦૪૨૮૭૯

ભાવેશભાઈ આર. દલવાડી
૯૪૦૮૮૧૯૦૭૮

# શિવ શક્તિ મંડપ

SHIV SHAKTI MANDAP

અમારે ત્યાંથી ડોમ મંડપ, મંડપ, ટ્રસ્ટ મંડપ
ચોરી, ગાદલા, ખૂરશી, ટેબલ, સોફા,
રજવાડી સોફા, મોટા રસોડાના વાસણો
લાઈટ ડેકોરેશન, જનરેટર
તથા મંડપનો બધોજ સામાન ભાડે મળશે.

## ડોમ મંડપના સ્પેશ્યાલીસ્ટ







## કથા મંડપના સ્પેશ્યાલીસ્ટ

માંડલ-દસાડા રોડ, પરીશ્રમ ફાર્મ, માંડલ

POSTED AT RMS SURENDRANAGAR 8th EVERY MONTH RNI-GUJ.GUJ/2001/5150
SATWARA DARPAN DATE OF PUBLICATION 8th EVERY MONTH **G/SEN./265/2024-2026**


LAVANYA
—MULTISPECIALITY DENTAL CLINIC—

# લાવણ્ય મલ્ટીસ્પેશ્યાલીટી

## ડેન્ટલ ક્લિનિક & ઈમ્પ્લાન્ટ સેન્ટર

ડૉ. ચિરાગ વી. મકવાણા (M.D.S. Orthodontics) ડૉ. નિકીતા આર. કણઝારીયા (M.D.S. Orthodontics)

સમય : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ • સાંજે ૫:૦૦ થી ૮:૦૦ • (મો.) ૮૮૬૬૭૦૩૦૩૪, ૯૯૨૫૨૪૭૦૬૯

૪-૫, પહેલા માળે, સનરાઈઝ એવન્યુ, વેદાંત હોસ્પિટલની સામે, મેટ્રો પીલર નં. ૨૦૫ પાસે, નવરંગપુરા, અમદાવાદ.



સ્કેનરની મદદથી દાંતની ચકાસણી કરી આધુનિક પદ્ધતિથી વાંકાચુકા દાંતને બ્રેસીસ (વાયર) બાંધ્યા સિવાય દાંતને સીધા કરવાની સારવાર જ્ઞાતિબંધુ માટે રાહતદરે આધુનીક સારવાર આપવામાં આવશે.



## લાવણ્ય

મલ્ટીસ્પેશ્યાલીટી ડેન્ટલ ક્લિનિક

ઉપલબ્ધ સારવાર - TREATMENT AVAILABLE

- વાંકા-ચૂંકા તથા આગળ પડતા દાંતની સારવાર
  Orthodontic Metal, Ceramic braces & alginers
- દાંતમાં ચાંદી, સિમેન્ટ, દાંતની કેપ તથા દાંતના કલરના મટીરીયલ પુરવાની સારવાર
  Silver, Cement4 Crown & Bridge & Cosmetic Dentistry
- દાંત બચાવવા મૂળીયાની સારવાર
  Root Canal Treatment
- દાંતના ફિક્સ તથા નીકળી શકે તેવા ચોકઠા
  Fixed & Removable Denture
- દાંતની સફાઈ તથા દાંતને સફેદ કરવાની સારવાર
  Scaling & Bleaching
- ડાહપણની દાઢ કાઢવાની સારવાર
  Wisdom Tooth Removal
- પેઢાના રોગોની સારવાર
  Pyorrhea
- ઈમ્પ્લાન્ટ દ્વારા દાંત બેસાડવાની સારવાર
  Full Mouth rehabilitation
- બાળકોના દાંતના તમામ રોગોની સારવાર
  Pediatric Dentistry


## જાહેરાતના દર

| ક્રમ. | વિગત | ત્રિમાસિક | વાર્ષિક |
|---|---|---|---|
| (૧) | ૧/૪ પાનાની જાહેરાત | ૧૫૦૦ | ૩૦૦૦ |
| (૨) | અડધા પાનાની જાહેરાત | ૩૦૦૦ | ૬૦૦૦ |
| (૩) | આખા પાનાની જાહેરાત | ૬૦૦૦ | ૧૦,૦૦૦ |
| (૪) | મુખ પૃષ્ઠની પાછળનું પાનું | ----- | ૧૫,૦૦૦ |
| (૫) | છેલ્લેથી અંદરનું પાનું | ----- | ૧૫,૦૦૦ |
| (૬) | છેલ્લે અડધું પાનું | ----- | ૧૫,૦૦૦ |

To, ..................................................

..................................................

..................................................

..................................................

**નકલ રવાના :**
રમણભાઈ સી. મકવાણા
૨, વાસુદેવ નગર, ગીરધરનગર, ઓવરબ્રીજ પાસે,
વંદના સ્કુલની બાજુમાં, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦૦૦૪, મો. ૯૮૨૪૭ ૮૮૨૦૧

પ્રકાશક : શ્રી સમસ્ત સતવારા મહામંડળ (રજી. નં. ઈ-૮૪૮૯ તા. ૩-૧૦-૯૧) વતી માનદ્ તંત્રી શ્રી કાંતીભાઇ આર. પરમારે પ્રસિધ્ધ કર્યુ. મુદ્રક : ''પૂજા ગ્રાફિક એન્ડ પ્રિન્ટસ્'' - સુરેન્દ્રનગર. દર મહિનાની ૮ તારીખે અંક પ્રસિધ્ધ થાય છે.